# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## શારીરિક શિક્ષણ અનુસ્નાતક વિભાગ

### શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં B.P.Ed.અભ્યાસક્રમમાટેના પ્રવેશ નિયમો

**૧. B.P.Ed. પ્રવેશ માટેની લઘુત્તમ લાયકાત:**

(૧) યુ.જી.સી. એ માન્ય કરેલ કોઈપણ યુનિવર્સિટીના સ્નાતકની ડીગ્રી
(નોંધ: અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, ઓ.બી.સી. અને ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીના
વિધાર્થીઓને સ્નાતકકક્ષાએ૪૫ % લઘુત્તમ ગુણ તેમજ બિન અનામત ના વિધાર્થીઓને
ને સ્નાતક કક્ષાએ ૫૦ % લઘુત્તમગુણ મેળવેલા હોવા જોઈએ.)

(૨) યુ.જી.સી. એ માન્ય કરેલ કોઈપણ યુનિવર્સિટીમાં ઈન્ટર યુનિવર્સિટી/નેશનલ/ સ્ટેટ યુનિવર્સિટી
કે અન્ય રમતમાંભાગ લીધેલ હોય તો તેનું પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવું.

**૨. B.P.Ed. પ્રવેશ માટે મેરીટ ગુણ:**

- સ્નાતક કક્ષાએની સેમેસ્ટર ૫ અને ૬ ની પરીક્ષાના બાહ્ય યુનિવર્સિટી પરીક્ષાના મેળવેલ ટકા તેમજ Yearly પરીક્ષા હોય તો ત્રીજા વર્ષની પરીક્ષાના બાહ્ય યુનિવર્સિટી પરીક્ષાના મેળવેલ ટકા ગણવામાં આવશે. સરખા ગુણના કિસ્સામાં H.S.C ના ટકા ધ્યાને લેવા તેમાં પણ જો સરખા ટકા થાય તો તેવા કિસ્સામાં S.S.C ના ટકા ધ્યાને લેવા તેમાં સરખા થતા હોઈ જન્મતારીખ ધ્યાને લેવી.

**૩. બેઠકોની ફાળવણી:**

ગુજરાત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો ફાળવવામાં આવશે.

**૪. પ્રવેશ ફી પરત કરવા અંગે:**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના તા.૨૨/૧૧/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક ૨૫૯/૨૦૨૪ મુજબ યુ.જી.સી. ના તા.03/0૭/૨૦૨૪ ના પત્રાંક D.O.No.F.2-71/2022 (CPP-II) થી જાહેર કરેલ Fee Refund Policy -2023 મુજબ ફી પરત કરવામાં આવશે.

**૫. અનામત બેઠકો:**

મૂળ ગુજરાતના વાતની હોય તેવા વિધાર્થી માટે રાજ્ય સરકારની પ્રવર્તમાન જોગવાઈ અનુસાર અનામત બેઠકો રાખવામાં આવી છે.

| | | |
|---|---|---|
| ૧. | અનુસુચિત જાતિના વિધાર્થીઓ (SC) | ૭% |
| ૨. | અનુસુચિત જનજાતિના વિધાર્થીઓ (ST) | ૧૫% |
| ૩. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓ (OBC) | ૨૭% |
| ૪. | આર્થિક રીતે પછાત બિન અનામત વર્ગના વિધાર્થીઓ (EWS) | ૧૦% |

(૧) પ્રવેશ યાદીમાં અનુસુચિત જાતિ(SC), અનુસુચિત જનજાતિ(ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ(OBC) અને આર્થિક રીતે પછાત વર્ગ(EWS) કેટેગરીના અરજદારો જનરલ કેટેગરીમાંઆવતા હશેતો તેમને જનરલ કેટેગરીમાં તેમજ SC, ST,OBC, EWS કેટેગરી પૈકી જે પસંદગીની જગ્યા ઉપર પ્રવેશ મળતો હશે

તે જગ્યા ઉપરપ્રવેશ આપવામાં આવશેતેમછતાં જનરલ મેરીટ મુજબ મળતી સીટ પરનોતેમનોઅધિકાર રહેશે નહી.

(૨)SC કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તો તે બેઠકો ST કેટેગરીના અરજદારોમાંથી ભરવામાં આવશે તેમજ ST કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તો SC કેટેગરીનાઅરજદારોમાંથી ભરવામાં આવશે તેમછતાં SC અને STકેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશેતો GENERAL કેટેગરીના અરજદારોમાંથી ભરવામાં આવશે

(૩) અનામતનો લાભ લેવા ઈચ્છતા અરજદારોએ સક્ષમ અધિકારીએ આપેલું જાતિ નું અથવાકેટેગરીનુંપ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા તેમની અરજી GENERAL કેટેગરીની બેઠકો માટે જ ગણવામાં આવશે.

(૪)સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના (OBC)અરજદારોએ સક્ષમ અધિકારીએઆપેલું OBC નું પ્રમાણપત્ર તેમજ સમૃધ્ધ વર્ગ (CREAMILAYER) માં સમાવેશ થયો નથી તેવું દર્શાવતું સક્ષમ અધિકારીનુંતા.૦૧/૦૪/૨૦૨૫ અથવા તા.૦૧/૦૪/૨૦૨૩ પછીનું જેમાં આ પ્રમાણપત્ર ત્રણ વર્ષ માટે માન્ય રહેશેતેવું જણાવેલ હોવું જોઈએ કે તે પછી આપેલ પ્રમાણપત્રમાં દર્શાવેલ મુજબ તે માન્ય રહેશે તે પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા તેમની અરજી GENERAL કેટેગરીની બેઠકો માટે જ ગણવામાં આવશે.

(૫)આર્થિક રીતે પછાત બિન અનામત વર્ગના (EWS) અરજદારોએ સક્ષમ અધિકારીએઆપેલું જાતિનું અથવા કેટેગરીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા તેમની અરજી GENERAL કેટેગરીની બેઠકો માટે જ ગણવામાં આવશે.

**૬. સામાન્ય નિયમો:**

(૧) બી.પી.એડ. નો અભ્યાસક્રમ NCTE નિયમોનુસાર FULLTIME / RESIDENTIAL REGULAR કોર્ષ હોઈ વિધાર્થીઓએ વિભાગમાં ફરજીયાત હાજર રહેવું..

(૨) બી.પી.એડ. નો અભ્યાસક્રમ પૂર્ણ સમયના હોઈ વિધાર્થી નોકરી કરી શકશે નહી કે અન્ય કોઈ ડીગ્રી કે અભ્યાસક્રમમાં પ્રવેશ લઇ શકશે નહી તેમછતાં પ્રવેશ લીધા બાદ કોઈ વિધાર્થી નોકરી કરતો હશે અથવા કોઈ અન્ય ડીગ્રી અભ્યાસક્રમમાં જોડાયેલા જણાશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) બી.પી.એડ. વ્યવસાયી તાલીમ અભ્યાસક્રમ હોઈ તેના વિવિધ પ્રાયોગિક કાર્યો યોગ્ય રીતે કરવા માટે ફરજીયાત વિભાગમાં હાજરી આપવાની રહેશે.

(૪) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીના અરજદારોએ પ્રવેશ મળ્યા પછ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી માંથી PROVISIONAL ELIGIBILITY CERTIFICATE મેળવી રજુ કરવાનું રહેશે.

(૫) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અરજદારોએ પ્રવેશ મળ્યા પછી છેલ્લે અભ્યાસ કરેલ કોલેજમાંથી TRANSFER CERTIFICATE મેળવી રજુ કરવાનું રહેશે.

(૬) બી.પી.એડ. અને એમ.પી.એડ. અભ્યાસક્રમની કુલ બેઠકો કરતા ચાર ઘણા પ્રવેશ ફોર્મ આવે તો તમામ અરજદારોનો લેખિત/પ્રેક્ટીકલ પરીક્ષા યોજીને મેરીટ બનાવવામાં આવશે.

(Dr. Vipul Upadhyay)